Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# રાષ્ટ્રવાદ અને ગાંધી વિચારધારા

ડૉ.પ્રભાબહેન કે. પટેલ
અધ્યાપક,વિઝન કોલેજ ઓફ એજ્યુકેશન,
નવરંગપુરા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-09

**સારાંશ**-ગાંધીજીએ કહ્યું છે કે આખી દુનિયાને લાભ થાય એટલા માટે હું ભારતનો ઉદ્ધાર ચાહું છુ. બીજા દેશોને પાયમાલ કરીને ભારત પોતાની ઉન્નતિ સાધે એમ ઇચ્છતો નથી. ગાંધીજીના મતે રાષ્ટ્રપ્રેમએ પાપ નથી. પણ સકિંણતા, સ્વાર્થ, એકલવાયાપણું જે વર્તમાન પ્રજાઓ વચ્ચે ઝઘડાનું કારણ છે તે પાપ છે. દરેક બીજાના ભોગે લાભ લેવા માંગે છે. બીજાની પાયમાલી કરીને આગળ વધવા માંગે છે. અંહી ગાંધીજીએ ભારતના રાષ્ટ્રવાદની ભૂમિકા સ્પષ્ટ કરી છે ને કહ્યું છે કે હિન્દુસ્તાનના રાષ્ટ્રવાદે નવો ચીલો પાડ્યો છે. ઉપરોક્ત અભ્યાસકને રાષ્ટ્રવાદ અને ગાંધી વિચારધારાના સંદર્ભમાં પ્રસ્તુત અભ્યાસ હાથ ધરેલ છે. જેથી 21મી સદીમાં ભારત દેશના વિકાસ માટે ગાંધી વિચારસરણી અનુસાર દરેક માનવી પોતાનું યોગદાન આપી, ભારત દેશ સમગ્ર વિશ્વમાં અન્ય વિકસિત દેશોની હરોળમાં પણ પોતાનું યોગ્ય સ્થાન બનાવી શકે.

**ચાવીરૂપ શબ્દોઃ**

રાષ્ટ્રાવાદ, ગાંધી વિચારધારા

**પ્રસ્તાવનાઃ** આપણે પ્રગતિશીલ અને લોકાભિમુખ રાષ્ટ્રવાદને બદલે પુરાણપંથથી, માનવ વિકાસની ઘડિયાળના કાંટાને પાછળ લઇ જનારો અને પાડોશી રાષ્ટ્રો સામે દુશ્મનાવટ રાખનારા રાષ્ટ્રવાદી વિચારો અને કાર્યોના ભોગ બની ગયા છે. હિટલરનો રાષ્ટ્રવાદ ગાંધીજી અને નહેરુના રાષ્ટ્રવાદ કરતાં ઘણો જુદો હતો. યુરોપીયન રાષ્ટ્રવાદમાં દેશની અંદરના યહુદી અને પ્રોટેસ્ટન્ટ ધર્મપંથીઓને દેશના આંતરિક દુશ્મન ગણીને તેમનું સર્વ પ્રકારનું નિકંદન કાઢવા રાષ્ટ્રવાદી વિચારો અને વર્તનોનો વ્યવસ્થિત માહિતી અને સંચારના સાધનોની મદદથી ઉપયોગ કરવામાં આવે છે. આપણો દેશ આની સામે ગાંધી-નહેરુનો રાષ્ટ્રવાદ બ્રિટીશ શાહીવાદની જંજીરોમાંથી દેશને સ્વતંત્ર થવા વિકસ્યો હતો. તે બંનેના રાષ્ટ્રવાદમાં દેશની અંદરનો કોઇ દુશ્મન ન હતો. હકીકતમાં તો દેશમાં જુદા-જુદા સામાજિક, ધાર્મિક, રાજકીય અને આર્થિક પરિબળોને દેશની સ્વતંત્રતા કાજે એકજૂથ અને સંગઠિત કર્યા હતા. તે બધાનો રાષ્ટ્રવાદ બ્રિટીશ સંસ્થાનવાદ વિરોધી (ANTT-COLONIAL NATIONALISM) હતો. જેમાં દરેક ભારતીયની ઓળખ તેના જાતિ, ધર્મ, પ્રદેશ, જ્ઞાતિ, ભાષાથી ઉપર ઉઠીને ફકત અને ફકત ભારતીય હતી. સૌ ભારતીયોની સમગ્ર રાષ્ટ્રવ્યાપી એકજ સમાન માંગણી હતી. અમારે જોઇએ "આઝાદી". આ આઝાદીની ચળવળમાં રાષ્ટ્રવાદી વિચારોનો પાયો કોઇ ધર્મ, સંપ્રદાય કે ભૌગોલિક પ્રદેશ આધારિત કે દેશની અંદરના કોઇ કાલ્પનિક કે સર્જેલા દુશ્મન સામે ન હતો.

**રાષ્ટ્રવાદ એટલે શું?**

"પોતાના રાષ્ટ્ર પ્રત્યે એકાત્મક અને ગૌરવની ભાવના તેમજ જરૂર પડે રાષ્ટ્ર માટે તન, મન અને ધન ન્યોછાવર કરવા તત્પર રહેવાની ભાવના "રાષ્ટ્રવાદ" કહેવાય."

**રાષ્ટ્રવાદનો અર્થઃ**

રાષ્ટ્ર એક સ્વતંત્ર ઘટક છે માટે તેનું હિત સાધવું એવો વાદઃ રાષ્ટ્રપૂજા; સ્વદેશવાદ; પ્રજાસ્મિતા; રાષ્ટ્રીયતા;

ભગવદગોમંડલ (પૃ-7634) ભાગ-8 માં

"Sometimes derog love of and pride in one's own country,
believingit to be better than any other contry"
- Longman Dictionary of Contemporary English (Page-692)

**રાષ્ટ્રવાદની વ્યાખ્યાઓઃ**

"વિશ્વબંધુત્વ રાષ્ટ્રવાદનો ભય છે અને રાષ્ટ્રવાદ પાસે પહેલા પ્રકારનું વિશ્વબંધુત્વ અગ્નિ પાસે મીણની માફક ઓગળી જાય છે."

ભગવદગોમંડલ (પૃ-7634)

**ભારતમાં રાષ્ટ્રવાદના ઉદયનાં મુખ્ય કારણોઃ**

(1) રાજકીયઃ

અંગ્રજોના શાસન પહેલાં આપણા દેશમાં રાજકીય એકાતનો અભાવ હતો. ભારત નાનાં-મોટાં રજવાડાઓમાં વહેંચાયેલું હતું. અંગ્રેજોએ ભારતના ઘણા રાજવીઓને હરાવીને મોટા ભાગના ભારત ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અંકુશ સ્થાપી દીધો. અંગ્રેજોના તાબા હેઠળ એકસરખું વહીવટીતંત્ર અમલમાં આવ્યું. અંગ્રેજ શાસનનો અનુભવ એકંદરે સારો ન હતો. આ અને આવાં અનેક કારણોસર અંગ્રેજ શાસન સામેનો વિરોધ ઊભો થયો. ધીરે-ધીરે આ વિરોધ પ્રબળ બનતો ગયો.

(2) આર્થિકઃ

અંગ્રેજોની આર્થિક નીતિએ ભારતને પાયમાલ કર્યું. અંગ્રેજો ભારતમાંથી કાચો માલ ઇંગ્લેન્ડ લઇ જતાં અને ત્યાં ઉત્પાદિત કરેલો તૈયાર માલ ભારતનાં બજારોમાં વેચતાં હતા. ઇંગ્લેન્ડથી ભારત આવતા તૈયાર માલ પર નજીવી જકાત લેવાતી હતી. જ્યારે હિંદમાં ઉત્પન્ન થતા તૈયાર માલ ઉપર વધુ જકાત લેવાના પરિણામ ભારતમાં ઉત્પન્ન થતો માલ મોંઘો પડતો. જ્યારે ઇંગ્લેન્ડમાં ઉત્પન્ન થતો માલ ભારતમાં સસ્તો વેચી શકાતો. આ હરીફાઇમાં ભારતના હસ્તઉદ્યોગ અને ઉદ્યોગધંધા ટકી શક્યા નહીં. પરિણામે કારીગરવર્ગ બેકાર બન્યો. ભારતના ભોગે ઇંગ્લેન્ડને સમૃદ્ધ બનાવવાની અંગ્રેજનીતિની સામે પ્રજામાં રાષ્ટ્રીય જાગૃતિ વધી.

(3) વાહન અને સંદેશાવ્યવહારનાં સાધનોઃ

ભારતમાં રેલ્વે, તાર, ટપાલ, જમીન તથા જળવ્યવહારના માર્ગો લશ્કરી, આર્થિક તથા રાજકીય વિકસાવવામાં આવ્યા હતા; છતાંયે તેનાથી દેશના લોકેને લાભ થયો. આ સાધનોના ઝડપી વિકાસથી વિશાળ દેશના માનવી એકબીજાની નજીક આવ્યા. કારીગર તથા વેપારીવર્ગ ધંધાર્થે એકબીજાના પ્રદેશમાં જવા લાગ્યા. તેમની વચ્ચે વિચારોની આપ-લે વધી. તેમના સંપર્કો વધવાથી જ્ઞાતિ, કોમ

અને પ્રદેશના ભેદભાવો ઓછા થયા. રાષ્ટ્રીય નેતાઓ તેમના વિચારો તથા યોજનાઓ પ્રજાના તમામ વર્ગોમાં ફેલાવી શક્યા. પ્રાદેશિક કક્ષાને બદલે રાષ્ટ્રીય કક્ષાની નેતાગીરી ઊભી થઇ, જેણે સ્વરાજની સિદ્ધિમાં નોંધપાત્ર ફાળો આપ્યો.

(4) શિક્ષણ અને સાહિત્યઃ

ભારતીય રાષ્ટ્રવાદના ઉદયમાં અંગ્રેજી કેળવણીનો પણ મોટો ફાળો રહ્યો. આ કેળવણીના કારણે પશ્ચિમની વિચારસરણીનાં દ્વાર ઊઘડ્યાં. વિશ્વનું ઘણુંબધું સાહિત્ય અંગ્રેજીમાં હતું. આપણા દેશના લોકો અંગ્રેજી ભાષા શીખ્યા. વિશ્વના પ્રવાહોથી માહિતગાર થયા. આ કારણે અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામમાંથી લોકશાહીની તથા ફ્રાંસની ક્રાંતિમાંથી સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનાની પ્રેરણા મળી. આત્મશ્રદ્ધા વધી અને સૌ ભારતના ઉજ્જવળ ભાવિની કલ્પના કરવા લાગ્યા. દેશની પ્રાદેશિક ભાષાઓમાં નવલકથાઓ, નાટકો, વાર્તાઓ, કાવ્યો અને ગીતો વગેરે લખાયાં. આ સાહિત્યે રાષ્ટ્રભક્તિનો સંદેશ આપ્યો.

(5) વર્તમાનપત્રોઃ

રાષ્ટ્રીય ચેતના ફેલાવવામાં નોંધપાત્ર હિસ્સો આપ્યો. બંગાળા, મુંબઇ, મદ્રાસ તથા બીજા પ્રાંતોમાં પ્રસિદ્ધ થતા અખબારોએ સરકારની નીતિઓની ટીકા કરી લોકોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરી.

(6) ભારતનો ભવ્ય વારસોઃ

પાશ્ચાત્ય પુરાતત્વવિદ એલેકઝાંડર કનિંગહામ તથા તેના મદદનીશોએ ભારતનાં અનેક પ્રાચીન સ્થળોએ ખોદકામ કર્યા. ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથાના અનેક અવશેષો શોધી કાઢ્યા. ભગવાનલાલ ઇન્દ્રજી જેવા ભારતીય પુરાતત્વવિદોએ પણ અનેક પુરાણા અવશેષો શોધી ભારતીઓને દેશની સંસ્કૃતિની ભવ્યતાનો ખ્યાલ આપ્યો. પશ્ચિમના વિદ્વાનોએ ભારતીય સાંસ્કૃતિક વારસાને લગતી શોધખોળ કરી. ભારતના વિદ્વાનો પણ જોડાયા. પુસ્તકો પણ લખાયાં. ગૌરવપૂર્ણ સાહિત્ય અને સંશોધનથી દેશવાસીઓની રાષ્ટ્રીય અસ્મિતા જાગૃત થઇ.

**રાષ્ટ્રવાદ અને ગાંધી વિચારધારાઃ**

"મહાત્મા ગાંધીના વિચારો" પુસ્તકમાંથી મારે મારા દેશની સ્વતંત્રતા એટલા માટે જોઇએ છે કે જેથી બીજા દેશ મારા સ્વતંત્ર દેશ પાસેથી કાંઇ શીખી શકે અને મારા દેશની સાધનસામગ્રીનો ઉપયોગ માનવજાતિના હિત માટે કરવામાં આવે.

જે રીતે રાષ્ટ્રભક્તિ આજે આપણને શીખવે છે કે માણસે પોતાના પરિવાર માટે પ્રાણ આપવો જોઇએ, પરિવારે ગામ માટે, ગામે જિલ્લા માટે, જિલ્લાએ પ્રાંત માટે અને પ્રાંતે દેશને માટે બલિદાન આપવું જોઇએ, તે રીતે દેશે જરૂર પડે ત્યારે દુનિયાના ભલા માટે, સ્વતંત્ર થવું જ જોઇએ. તેથી મારી રાષ્ટ્રીયતા માટેના મારા પ્રેમનો અથવા રાષ્ટ્રીયતાની મારી કલ્પનાનો અર્થ એ છે કે, મારો દેશ સ્વતંત્ર થાય. જેથી જો જરૂર પડે તો, માનવજાતિને જીવંત રાખવા માટે, તે હોમાઇ જાય. આ કલ્પનામાં વંશીય ધૃણાને કોઇ સ્થાન નથી. આ જ આપણી રાષ્ટ્રીયતા હજો.

આપણી રાષ્ટ્રીયતા બીજાં રાષ્ટ્રોને જોખમરૂપ ન હોય. જેમ આપણે કોઇને લૂંટવા માગતા નથી તેમ આપણા દેશને આપણે કોઇને લૂંટવા દેવા માગતા નથી. સ્વરાજ દ્વારા પણ આપણે તો જગતનું હિત સાધવું છે.

મારે મન દેશભક્તિ અને માનવતા બંને એકજ વસ્તુ છે. હું દેશભક્ત છું કારણકે મારામાં માનવતા છે અને દયા છે. મારી આ દેશભક્તિ માત્ર હિંદ માટે નથી. હિંદુસ્તાનની સેવા કરવા માટે હું ઇંગ્લેન્ડ કે જર્મનીને હાનિ ન પહોંચાડું. જીવનની મારી યોજનામાં સામ્રાજ્યવાદને કોઇ સ્થાન નથી. દેશભક્તને લાગુ પડે તે જ નિયમ કુટુંબના વડાને પણ લાગુ પડે. કોઇ દેશભક્તમાં માનવતા ઓછી હોય તો તેટલા પ્રમાણમાં તેની દેશભક્તિ ઓછી ગણાય. રાજકારણી કાનૂન અને ખાનગી કાનૂન વચ્ચે કોઇ જાતની વિસંગતતા નથી.

કોઇપણ માણસ સાચા અર્થમાં રાષ્ટ્રવાદી બન્યા સિવાય આંતરરાષ્ટ્રવાદી ન બની શકે. આંતરરાષ્ટ્રીયતા ત્યારે જ શક્ય બને છે, જ્યારે રાષ્ટ્રીયતા વાસ્તવિક બને છે, એટલે કે જ્યારે જુદા-જુદા દેશોની પ્રજા સંગઠિત બની હોય છે અને એક વ્યક્તિની માફક કાર્ય કરવાને સમર્થ બને છે. રાષ્ટ્રીયતા કંઇ અનિષ્ટ વસ્તુ નથી. પણ સંકુચિતતા, સ્વાર્થ, અતડાપણું જે આધુનિક રાષ્ટ્રોની આપત્તિનું મૂળ કારણ છે તે અનિષ્ટ છે. દરેક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રના ભોગે ને તેનો નાશ કરીને લાભ મેળવવા તાકી રહ્યું હોય છે. ભારતીય રાષ્ટ્રવાદ પોતાને માટે નવો માર્ગ આંકી પોતાનું સંગઠન સાધવા માગે છે અથવા પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કરવા ઇચ્છે છે.......... ઇશ્વરે મારું ભાગ્ય હિંદના લોકો સાથે જોડયું છે અને હું તેમની સેવા કરવામાં નિષ્ફળ જાઉંતો હું મારા કિરતારનો ગુનેગાર બનું. તેમની સેવા કેમ કરવી તેની મને ખબર ન હોય તો હું માનવજાતિની સેવા કઇ રીતે કરી શકવાનો હતો?અને જયાં સુધી મારા દેશની સેવાનું કાર્ય કરતાં હું બીજા કોઇ દેશને નુકસાન નથી કરતો ત્યાં સુધી બનતા સુધી હું ભૂલ ન જ કરું.

**ગાંધીયુગ દરમિયાન રાષ્ટ્રવાદઃ**

- અસહકાર આંદોલન ભારતની રાષ્ટ્રીય પ્રવૃતિના પછી આવનારા તબક્કાના આરંભનો સંકેત કરનારું હતું. આ તબક્કા દરમિયાન ગાંધી રાષ્ટ્રીય પ્રવૃત્તિના સૌથી આગળ પડતા નેતા હતા અને ગાંધીવાદ તેની નિયામક વિચાર પ્રણાલી બની રહ્યો હતો.
- ભારતના રાજકારણીક્ષેત્રે ગાંધીનો પ્રભાવ એક પ્રચંડ પ્રજ્ઞાવાત પુરુષના જેવો પડતો હતો.
- રાષ્ટ્ર વિમોચનની લડતમાં જનસમુદાય અને સામુદાયિક કાર્યપ્રવૃત્તિના મહત્વપૂર્ણ પાઠનું યથાર્થ મૂલ્ય સમજનાર સૌથી પહેલા રાષ્ટ્રીય નેતા ગાંધી જ હતા.
- ગાંધીએ એક એવો અવનવો કાર્યક્રમ ઘડી કાઢ્યો કે જે જનસમુદાય આખાને એકત્રિત કરીને રાષ્ટ્રીય ચળવળમાં જોતરી શકે, જેમાં જનતાના વિધવિધ વર્ગો-શહેરી વિસ્તારના ઔદ્યોગિક કામદારો અને ગ્રામ વિસ્તારના કિસાનો, નાના મોટા માલદાર વેપારીઓ, મૂડીવાદી ઉદ્યોગપતિઓ, વિદ્યાર્થીવર્ગ, વકીલવર્ગ અને ઇત્તર વ્યવસાયી વર્ગો, અને એ બધા ઉપરાંત સ્ત્રીઓ પણ સક્રિય ભાગ લઇ શકે. એ રીતે ગાંધીએ ભારતની રાષ્ટ્રીય પ્રવૃત્તિને પહેલાં કયારેય ન હોતી એવી વિવિધવર્ગો સામૂહિક રાષ્ટ્રપ્રવૃત્તિ બનાવી દીધી.

- સત્યાગ્રહ, અસહકાર, વૈયક્તિક તેમજ સામૂહિક સવિનય અવજ્ઞા, કરવેરા ભરવાનો ઇન્કાર, કાયદા કાનૂનની ખૂલ્લે-ખૂલ્લી અવજ્ઞા, જેલની સજા વહોરવાના ઇરાદાપૂર્વકના પ્રયાસ, સામૂહિક દેખાવો અને ફ્રચો તથા ભૂખ હડતાળ જેવાં મુખ્ય સાધનો ગાંધીએ રાષ્ટ્રીય લડતના શાસ્ત્રાગારમાં ઉમેર્યા હતા.
- ગાંધી પરંપરાનુસારી રાષ્ટ્રવાદી હતા, એટલે કોમવાદના પહેલા નંબરના વિરોધી હતા. હિન્દુ તેમજ મુસ્લિમ બંને કોમવાદને તે રાષ્ટ્રવિરોધી તથા માનવવિરોધી ગણતા હતા અને પોતાની અથાક શક્તિ વડે તે બંને સામે સદાય લડતા રહેતા અને "ભારતવાસીઓના સામાજિક સંબંધોમાંથી કોમીવાદનો મૂલોચ્છેદ થઇ જાય તે સારૂં પોતાના જીવનનું બલિદાન આપી દીધું."

**ઉપસંહારઃ**

ભારતવર્ષના તત્વચિંતકોના સૌથી સર્વોચ્ચ વિચારક્રાંતિ અભિયાનમાં કાર્યરત યુગપુરુષ ગાંધીજીએ નવીન દિશા પ્રદાન કરી. રાષ્ટ્રવાદની નવી શબ્દદેહ ધારણ કરી વિશ્વ સમુદાય મૂક્યો. પ્રસ્તુત લેખમાં રાષ્ટ્રવાદ અને ગાંધીવિચારધારા પર પ્રકાશ પાડવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. જે સાંપ્રત સમયમાં દિશાવિહીન સમાજને માર્ગદર્શન પુરુ પાડશે.

**સંદર્ભસૂચિઃ**


- ગાંધીજી (1963) નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, "મારા સ્વપ્નનું ભારત",
- ભગવદગોમંડલ, ભાગ-8માં, પૃ.7634.
- Longman Dictionary of contemporary English, P-692.
- આર.કે.પ્રભુ, યુ.આર.રાવ (2000) નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, મહાત્માં ગાંધીના વિચારોઃ પૃ. 403-404.
- સ્વ.ડાં.અક્ષયકુમાર રમણલાલ દેસાઇ, યુનિ.ગ્રંથનિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય. (પ્રથમ આવૃત્તિ, 1973) ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા, પૃ.362-364.
- ધોરણ-8 "સામાજિક વિજ્ઞાન" ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર